હળવદનાં મહે. પ્રિન્સી. સીની. સીવીલ જજ સાહેબની કોર્ટમાં

સ્પે.દિ.કે.નં. ૦૨/૨૦૨૫.

પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ,
કોર્પોરેટ ઓફિસ નાના મવા રોડ,
લક્ષ્મીનગર, મુ.રાજકોટની પેટા કચેરી.
પી.જી.વી.સી.એલ.રૂરલ પેટા વિભાગીય કચેરી, મુ.તા.હળવદ. :: વાદી.

વિરૂધ્ધ

ક્ર.નં.૧૫૫

મનહરસીહ છત્રસીહ ઝાલા,
મુ.ધનાળા, તા. હળવદ. :: પ્રતિવાદી.

<u>બાબતઃ– આંક–૯ના મુદા નં–૧માં સુધારો કરવા અંગે.</u>

અમો આ કામના વાદીના વકીલની માનસર નમ્ર અરજ કે :–

અમો વાદીએ પ્રતિવાદી સામે અમો વાદીની લેણી રકમ રૂા.૪૮,૯૬,૪૦૫.૧૯ વસુલ મેળવવા આપ નામ.કોર્ટમાં હાલનો દાવો દાખલ કરેલ છે. તેમજ આ કામમાં ન્યાય નિર્ણય અર્થે આપ નામ.કોર્ટ તરફથી આંક–૯ થી દાવાના મુદા ઘડવામાં આવેલ છે. જે પૈકી મુદા નં–૧માં અમો વાદીની લેણી રકમ જે ખરેખર રૂા.૪૮,૯૬,૪૦૫.૧૯ છે, તે લખવાને બદલે શરતચૂકથી રૂા.૫૦,૪૫૬.૫૦ લખાઈ ગયેલ છે, તેવુ મુદાઓનો અભ્યાસ કરતા અમોને જણાઈ આવેલ છે, જયારે અમો વાદીએ પ્રતિવાદી પાસે દાવા–અરજીની વિગતે ખરેખર રૂા.૪૮,૯૬,૪૦૫.૧૯ વસુલ મેળવવાના રહે છે. આથી ખરેખર આંક–૯થી ઘડવામાં આવેલ મુદા નં–૧માં આ રકમ રૂા.૫૦,૪૫૬.૫૦ ને બદલે રૂા.૪૮,૯૬,૪૦૫.૧૯ લખવી જોઈએ, એટલે કે રકમમાં સુધારો કરવો મહત્વનો અને જરૂરી છે, તો જ આ કામમાં યોગ્ય ન્યાય નિર્ણય થઈ શકે તેમ અમારૂ નમ્રપણે સ્પષ્ટ માનવુ છે.

<u>સબબ અરજ કરવાની કે :–</u>

અમારી હાલની આ અરજી ધ્યાને લઈ ઉપરોકત વિગતે આંક–૯થી ઘડવામાં આવેલ દાવાના મુદા નં–૧માં શરતચૂકથી લખાઈ ગયેલ રકમમાં સુધારો કરી તે રકમ રૂા.૫૦,૪૫૬.૫૦ ને બદલે રૂા.૪૮,૯૬,૪૦૫.૧૯ લખવા હુકમ ફરમાવવા નમ્ર અરજ છે, અને તે રકમ જ ન્યાય નિર્ણય અર્થે ધ્યાને લેવા નમ્ર અરજ છે.

સ્થળ :– હળવદ.
તારીખઃ ૧૫/૧૦/૨૦૨૫.

...................................
(કરશન આઈ.દલવાડી)
તે વાદીના વકીલ.

Fix for Hearing & Reply

16/10/25

Principal Senior Civil Judge
Halvad

૦

અરજી વંચાણે લીધી, સાંભળ્યા
અરજીની વિગતો ધ્યાને લેતાં આ
કામે વાદીએ તા.૦૮,૦૬,૨૦૨૫.૧૯ ની
માંગણી કરેલ હોય કે ટાઈપીંગ
મીસ્ટેક હોય સુધામાં કામની અરજીથી
ટાઈપીંગ મીસ્ટેક સુધારી તા.૦૮,૦૬,૨૦૨૫,
૧૯. સુધાનં ૨માં સુધારો કરવા
હુકમ કર્યો

[signature]
1.4/11/25
01.02

seen
14/11/25